॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં - ૨૦૭૯ | માગશર વદ : ૧૦ | સોમવાર | તા.: ૧૯.૧૨.૨૦૨૨ | SDP No. : 970 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

ભ્રષ્ટાચાર ન થાય તે માટે મંત્રીઓએ ઓફિસ અને વિભાગના અધિકારીઓ પર નજર રાખવી

કોઇ સગો ઓફિસમાં ન જોઇએ, સોમથી શુક્ર સુધી સચિવાલયમાં જ રહો : મોદીની મંત્રીઓને સૂચના

બુધવારે અમદાવાદ આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવકારવા માટે ગુજરાત સરકારનું આખું મંત્રીમંડળ અમદાવાદ એરપોર્ટ પર ગયું હતું. અહીં મોદીએ મંત્રીઓને સૂચના આપતાં કહ્યું કે, ખૂબ પગરાથી કામ કરો કારણ કે જનતાએ ખૂબ મોટા આશીર્વાદ આપ્યાં છે. પરંતુ એક વાતનું ધ્યાન રાખજો કે તમારા પરિવારની કોઈ વ્યક્તિ કે સગો ઓફિસમાં ન હોવો જોઈએ. આ બાબત ખૂબ ગંભીરતાથી લેવામાં આવશે તેથી સાવચેત રહેજો.

ઉલ્લેખનીય છે કે, અગાઉ ભાજપની સરકારમાં ઉચ્ચ હોદા પર રહેલી વ્યક્તિઓ કે મંત્રીઓને પોતાના કાર્યાલયના કામમાં પરિવારની વ્યક્તિ કે સગાંની દખલ સતત થતી રહેતી હતી. આ કારણોસર જે-તે વ્યક્તિ પર ભ્રષ્ટાચારના છાંટા ઉડ્યા હોવાથી ભાજપે ગુજરાતની નવી બનેલી સરકાર પાસે આ અંગે કડક આગ્રહ સેવ્યો છે.

આ સિવાય મંત્રીઓને શીખ આપવામાં આવી છે કે તેમણે સૌએ સોમવારથી લઈને શુક્રવાર સુધી સચિવાયલની પોતાની ઓફિસમાં ઉપલબ્ધ જ રહેવાનું છે. પોતાના મતવિસ્તાર કે અન્ય પ્રવાસ માટે શનિવાર અને રવિવારનો દિવસ ફાળવવો પડશે. ધારાસભ્યો, સાંસદો કે સામાન્ય નાગરિકોના પ્રશ્નોને ન્યાય આપવાનો રહેશે.

ખોટી ભલામણ ચલાવી ન લેવી: પાટીલ

સીઆર પાટીલે સૂચના આપતાં કહ્યું કે, દરેક મંત્રીએ પોતાના વિભાગમાં આવતી ફાઈલમાં કાંઈ પણ ખોટું થયું હોય તો તરત જ મુખ્યમંત્રીનું ધ્યાન દોરવું. મંત્રીઓએ ખોટી ભલામણ કરવી કે સ્વીકારવી નહીં. ભ્રષ્ટાચાર બિલકુલ સાફ થઈ જાય તે માટે અધિકારીઓ પર પણ નજર રાખવી.

એન્ટિ ચેમ્બરમાં સમય ઓછો ફાળવવા આદેશ

ઘણાં સંજોગોમાં મંત્રીઓ તેમને ફાળવાયેલી ચેમ્બરની અંદર આવેલી એક ખાનગી એવી એન્ટિ ચેમ્બરમાં સમય વધુ ફાળવતા હોવાનું ભાજપની નેતાગીરીને ધ્યાને છે. એન્ટિ ચેમ્બરમાં કોઈ પણ મંત્રીને ખાનગી વ્યક્તિની સાથે ચર્ચા કરવાની રહેતી નથી તેવો સ્પષ્ટ આદેશ પણ અપાયો છે.

આજે દમણમાં મુક્તિ દિવસે ધ્વજવંદન યોજાશે

દીવના દરમા મુક્તિ દિવસની મોટી દમણ કલેક્ટર કચેરી સંકુલ ખાતે ઉજવણી કરવામાં આવશે. સોમવારે સવારે ૯ કલાકે જિલ્લા કલેક્ટર ડો.તપસ્યા રાઘવના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવશે. જિલ્લા કલેક્ટર રાજ્યના વિકાસ કાર્યોની માહિતી આપશે. આ પછી તે સ્વતંત્રતા સેનાનીઓ સાથે મુલાકાત કરશે. આ સાથે દરમાં મુક્તિ દિને કોર્ટ પરિસર, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને ભાજપ કાર્યાલયમાં પણ ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે.

ફીફા વર્લ્ડકપની દિલધડક ફાઈનલ, ફ્રાન્સને હરાવી આર્જેન્ટિના ચેમ્પિયન

વિશ્વ કપની અત્યાર સુધીની સૌથી નાટકીય ફાઈનલની પેનલ્ટી શૂટઆઉટમાં આર્જેન્ટિનાએ ૪-૨થી જીત મેળવી: મેસ્સીએ બે અને એમ્બાપેએ ત્રણ ગોલ કર્યા, આર્જેન્ટિનાએ ૩૬ વર્ષ બાદ ત્રીજી વખત ટાઈટલ જીત્યું: વર્લ્ડકપ જીતવાનું સ્વપ્ન પૂર્ણ કરી મેસ્સીની સુખદ વિદાય

મંત્રીઓ પસંદગીનો એક પીએ રાખી શકશે

મંત્રીઓના PA-PS પણ કમલમમાંથી નક્કી કરાશે

ઓફિસનો અન્ય સ્ટાફ ખાસ બદલાશે નહીં

નવનિયુક્ત મંત્રીઓએ ચાર્જ સંભાળી લીધો છે અને કામગીરીની શરૂઆત કરી છે પરંતુ તેમની મદદમાં તેમના અંગત સ્ટાફની નિમણૂક થઈ નથી. ગત વખતની જેમ આ વખતે પણ મંત્રીઓના પીએ- પીએસનું લિસ્ટ કમલમમાંથી આવશે તેવું ચર્ચાઈ રહ્યું છે. મંત્રીઓને કોઈ ચોક્કસ અધિકારીને અંગત સચિવ તરીકે રાખવા હશે તો તેના નામની ભલામણ પણ તેમણે પાર્ટીમાં કરવી પડશે.

સપ્ટેમ્બર-2021માં ભૂપેન્દ્ર પટેલની સરકાર બની ત્યારે તમામ મંત્રીઓમાં જે નો રિપિટ થિયરી અમલી બનાવી હતી તેવી જ થિયરી મંત્રીઓના પીએ-પીએસ માટે પણ લાગુ કરવામાં આવી હતી. પરિણામે અગાઉના મંત્રીઓના પીએ- પીએસ રહી ચૂકેલા એકપણ અધિકારીને નિમણૂક આપવામાં આવી ન હતી. આ વખતે પણ નવા મંત્રીઓને તેમના સ્ટાફની નિમણૂંક કરવાની સત્તા નહીં મળે. જે મંત્રીઓ રિપીટ થયા છે તે તેમનો સ્ટાફ યથાવત રાખી શકશે.

હાલ સરકારે હંગામી ધોરણે તમામ મંત્રીઓને ત્યાં પીએ- પીએસ તરીકે અધિકારીઓની નિમણૂક કરી છે. આ ઉપરાંત મંત્રીઓના અંગત માણસો પણ મંત્રીને મદદ કરી રહ્યા છે પરંતુ એકાદ અઠવાડિયામાં પાર્ટી તરફથી તમામ મંત્રીઓના પીએ-પીએસની યાદી આખરી કરીને તેમને નિમણૂક આપવામાં આવે તેવી શક્યતા છે. મંત્રીઓ પોતાના સ્ટાફમાં અંગત વ્યક્તિ રાખવા હોય તો તેની માત્ર ભલામણ કરી શકશે, વિગતો ચકાસ્યા બાદ મંજૂરી આપવામાં આવશે.

ખૂબ ખૂબ શુભેચ્છા

રૂક્ષ્મણીબેન માંકાણી,
કિમ સુરત.
ખૂબ ખૂબ શુભેચ્છા

ધી ઓલપાડ - સાયણ -કીમ- નાગરિક ધિરાણ સહકારી મંડળી લિમિટેડની નવી બોર્ડ ઓફ ડિરેક્ટર ની ચૂંટણી પ્રક્રિયામાં સમસ્ત ટીમ બિન હરીફ વરણી થઈ છે. તેમાં ક્કપા સમાજના સભ્ય *શ્રી સ્વ. હસમુખભાઈ ભીમજીભાઈ માકાણીના ધર્મપત્ની રુક્ષ્મણી બેન હસમુખભાઈ માકાણી ની વરણી થઈ છે.

તેમણે આપણી સમાજનું અને પરિવારનું નામ રોશન કર્યું છે. તેમને *વંદન સાથે અભિનંદન લિ. ક.ક.પાટીદાર સનાતન સમાજ. કીમ.

પ્રમુખ... ભવનભાઈ માકાણી
મંત્રી.. વિરેન્દ્રભાઈ જાદવાણી

દક્ષિણ ભારત રીજીયન ખેલ મહોત્સવ - હોસુર

ભવ્યાતિ ભવ્ય ખેલ મહોત્સવ
રામસેતુ કાઉન્સિલ - દક્ષિણ ભારત રીજીયન- ભરત ડિવિઝન ના આંગણે થી...

દક્ષિણ ભારત સનાતન સમાજ- નામક્કલ ઝોન અને તેના અંતર્ગત આવતા યુવા મંડળો દ્વારા આયોજિત ભવ્યાતિ ભવ્ય ક્રિકેટ અને થ્રો બોલ ટુર્નામેન્ટ નું જબરદસ્ત આયોજન હોસૂર મધ્યે તા: ૧૮/૧૨/૨૦૨૨ રવિવાર ના કરવામાં આવ્યું હતું... તે કાર્યક્રમ ની ઓપનિંગ સેરેમની અને દીપ પ્રાગટ્ય ના શાનદાર વાતાવરણ ની એક ઝલક....
ટીમ દક્ષિણ ભારત રીજીયન....

આત્મહત્યા નો બનાવ, ગંભીર બનાવ અંગે ખુલાસો

આજ થી થોડા સમય અગાઉ આપણા કચ્છ કડવા પાટીદાર સમાજ પાદરા ના એક ચૌહાણ પરિવાર માં એક દુઃખદ ઘટના બનેલ.... . કચ્છ માં ગામ ખોંભડી અને હાલે વર્ષો થી શો-મિલ ના વ્યવસાય અર્થે વડોદરા જિલ્લાના ના પાદરા તાલુકામાં વસવાટ કરતાં ચૌહાણ દિનેશભાઈ ના પરિવાર ઉપર જાણે આભ ફાટયું હોય એવો બનાવ બનેલ. મિત્રો આજ થી બે વર્ષ પૂર્વે કેન્સરની બીમારી ના કારણે દિનેશભાઈ નું અકાળે નિધન થયેલ. ઘર ના મુખ્ય મોભી એવા દિનેશભાઈ ના નિધન ના શોક થી માંડ પરિવાર બહાર આવે ત્યાં તારીખ 26/10/2022 ના સાંજે દિનેશભાઈ ના એક ના એક પુત્ર ઉમંગ ચૌહાણ ઘરે થી માતા પાસે મિત્રના લગ્ન માં જવાનું બહાનું ધરી ઘર છોડી નીકળેલ પણ 24 કલાક થી પણ વધુ સમય પછી ઘરે પરત ન ફરતા પરિવાર દ્વારા એમની પૂછપરછ તેમજ શોધખોળ કરવામાં આવેલ...

અંતે મિત્રો અણબનાવ એવો બન્યો કે તારીખ 28/10/2022 ના રોજ ઉમંગ ની ડેડ બોડી આણંદ જિલ્લા ના ઉમેટા મહીસાગર નદી માંથી મળી આવેલ....

મિત્રો પરિવાર ના મોભીના અવસાન બાદ એક ના એક પુત્ર ઉમંગના નિધન થી આખો પરિવાર જાણે આભ તૂટ્યું હોય એવા શોક માં ગરકાવ થઈ ગહેલ. ઉમંગ ના અચાનક અકાળે મૃત્યુથી પરિવાર માં તર્ક-વિતર્ક તેમજ શંકા-કુશંકા થવા લાગેલ કે પૂત્ર નું મર્ડર કરવામાં આવેલ અને આ સમગ્ર બનેલ ઘટના અંતે પોલીસ દફતરે પહોંચી...

આજે અંદાજિત ઉમંગ ના મૃત્યુંને દોઢ માસ જેટલો સમય વીતવા આવેલ પણ નિધન નો ભેદ પોલીસ તેમજ પરિવાર દ્વારા જાણી ન શકતા અંતે આ વિષય અખિલ ભારતીય યુવાસંઘ સેન્ટ્રલ પોલિટિકલ સંકલન સમિતિ પાસે આવતા કન્વીનર એ આ સમગ્ર બનેલ બનાવથી વાકેફ થઇ ભારત સરકાર ના ડૉ. સુરેશભાઈ રંગાણી(સારંગ) જોડે વિચાર-વિમર્શ કર્યા બાદ ઉમંગના થહેલ મૃત્યું ના ભેદ વિશે આણંદ જિલ્લાના એસ.પી. સાહેબ તેમજ અધિકારીશ્રીઓ જોડે રૂબરૂ ચર્ચા કરી ભેદ ઉકેલવા માટે ઘટતું જે કરવું હોય તે કરવા sp સાહેબ ને નિધન નું નિષ્પક્ષ કારણ જાણવા અને બનતા પ્રયાસે પરિવાર ને ન્યાય મળે એવી તપાસ કરવા અરજ કરેલ....

આણંદ જિલ્લા એસ.પી. સાહેબે જે પણ તટસ્થ તપાસ કરેલ તે કમ્પલેટ બાંહેધરી સાથે અમારી અને પરિવારના વડીલો ની સમક્ષ જે પી.એમ. રિપોર્ટ તેમજ ઉમંગ ના કોલ ડીટેઈલ થી કરેલ તટસ્થ તપાસ માં એવું કંઈ પણ મર્ડર થયેલ હોય એવું જાણવા ન મળતાં આ કેશમાં ઉમંગભાઈ એ કોઈ કારણોસર જાતે જ પોતાનું જીવન ટુંકાવ્યું હોય એવું પ્રતીક કરાવેલ. એસ.પી. સાહેબશ્રી દ્વારા થયેલ તપાસ થી પરિવાર ને જે શંકા-કુશંકા હતી તેના પ્રશ્નના હલ સાથે સાથે એસ.પી. સાહેબે હજુ પરિવાર ને કઈ એવું ભવિષ્યમાં જણાય તો પણ સહકાર આપી તપાસ કરવા બાંહેધરી આપેલ...

ઉમંગ ના મૃત્યું થી ચૌહાણ પરિવાર પર આવી પડેલ અણધારી આફતમાં કુળદેવી માં ઉમિયાજી તેમજ ઇસ્ટદેવતા ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ દુઃખ સહેન કરવાની શક્તિ આપે એવી પ્રાથના....

આપણા સમાજ ના યુવાધન જો આવું પગલું ભરે એહ બહુજ દુઃખદ ઘટના છે. અને ભવિષ્યમાં આવી ઘટના નું પુનરાવર્તન નાં થાય માટે મંથન કરવું અનિવાર્ય છે.....

લિ.
સેન્ટ્રલ રાજકીય થીમ PDO
રમેશભાઈ દડગા કચ્છ

કર્મઠ રમેશભાઇ સેંઘાણી ને જન્મ દિન ની શુભેચ્છા

જન્મ દિન ની શુભેચ્છા
અને તે નિમિતે ૫૧૧ કિલો રદ્દી અર્પણ

KPR રીજીયન ઉત્સાહી એવા ફંડ કન્વીનર રમેશ ધનજીભાઈ સેંઘાણી (ગાંધીધામ) નો આજે (૫૦) મો જન્મદિવસ છે તો તેમને જન્મદિવસની ખુબ ખુબ શુભકામનાઓ...

તેમના દ્વારા આ ૫૦ માં તેમના જન્મદિવસ નિમિત્તે શ્રી સમાજના શતાબ્દી મહોત્સવ નાં નવતર પ્રયાસ ને પૂરક બનવા સંકલ્પ કરી અમલ કરવાનો ઉત્તમ પ્રયાસ કરેલ છે જે અંતર્ગત તેઓ રદ્દી થી સમૃદ્ધિ નાં અભિગમ માં 511kg રદ્દી સ્વરૂપે રોકડ રકમ રૂ.10,101/- શ્રી સમાજના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી તેમનો જન્મદિવસ ઉજવેલ છે. તેમનો આ સમાજ પ્રત્યેના રુણ અદા કરવા બદલ યુવા સંઘ કચ્છ પૂર્વ રીજ્યન તેમને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવે છે. તેમજ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને માં ઉમિયા તેમને સ્વસ્થ રાખે, મસ્ત રાખે અને તંદુરસ્ત રાખે એવી ચરણોમાં પ્રાર્થના કરે છે..
#રદ્દી સે સમૃદ્ધિ

કર્ણાટક માં જંગલ વિસ્તાર માં માનવતા નું કાર્ય

દક્ષિણ કર્ણાટક ઝોન માં - રામસેતુ કાઉન્સિલ અંતર્ગત યુવાસંઘ ની ટીમ અને શ્રી પાટીદાર પરિવાર સમાજ મૈસૂર રોડ બેંગલોર દ્વારા ગતરોજ તારીખ 18.12.2022 અને રવિવારે ટીમ RSS બેંગ્લોર ની સાથે મળીને HD kote કર્ણાટક કેરલ બોર્ડર પર જંગલ વિસ્તારમાં રહેતા જરૂરિયાત પરિવારોને જીવન જરૂરી વસ્તુ અને બ્લેન્કેટ ની સહાય કરવામાં આવેલ.

આ વિસ્તારમાં હિન્દુ સમાજના લોકોને ધર્મ પરિવર્તન કરાવીને ઇસાઇ ધર્મમા પરિવર્તિત કરવામાં આવી રહ્યા છે. જેમને રોકવા ટીમ RSS અને શ્રી પાટીદાર પરિવાર સમાજ દ્વારા તેઓ સાથે તેમના જીવન નિર્વાહ તેમજ આપદા ની ચર્ચા કરવામાં આવેલ અને વિધર્મ માં વટાળ પ્રવૃત્તિ નો ભોગ નાં બને તેવા સમજાવટ નાં પ્રયાસ કરેલ છે.

PRO હિતેશ લીંબાણી,
દક્ષિણ કર્ણાટક રીજીયન

કિસાન સંઘ નખત્રાણા ટીમ ૦૨ દિલ્હી પ્રયાણ

ભારતીય કિસાન સંઘ નખત્રાણા તાલુકા માંથી બીજી ટીમ દિલ્હી ખાતે કિસાન સંઘ ના કાર્યક્રમ માટે પ્રસ્થાન થઈ. જેમાં શિવદાસભાઈ કેશરાણી, પ્રદીપભાઈ યાદવ, જેન્તીભાઈ પોકાર, જગદીશભાઈ લીંબાણી, મનસુખભાઈ રાજાણી, નવીનભાઈ કેશરાણી, પ્રતાપભાઈ કેશરાણી, કિશોરભાઈ નાકરાની, પ્રકાશ કેશરાણી, હિમ્મતભાઈ કેશરાણી, અંબાલાલ સાંખલા, પ્રવિણભાઈ કેશરાણી, શૈલેષભાઈ સુરાણી, નરશીભાઈ સુરાણી, પરસોત્તમભાઈ સુરાણી, અને શાંતિભાઈ સાંખલા સ્વૈચ્છીક રીતે જોડાયા હતા..

આજે અર્બન ૨૦ લોગો અને વેબસાઈટ્સનું લોકાર્પણ

અમદાવાદ, તા.૧૮, અર્બન-૨૦ (U૨૦), G૨૦ના સંબંધિત જૂથોમાંથી એક, G૨૦ દેશોના શહેરોને આબોહવા પરિવર્તન, સામાજિક સમાવેશ, ટકાઉ ગતિશીલતા, પોસાય તેવા આવાસ અને શહેરી ધિરાણ સહિત શહેરી વિકાસના વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચાની સુવિધા આપવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સામૂહિક ઉકેલો પ્રસ્તાવિત કરે છે. વિકાસના વિકાસ કેન્દ્રો તરીકે શહેરોના મહત્વને ધ્યાનમાં રાખીને, U૨૦ વૈશ્વિક મંચ પર શહેરોની પ્રોફાઈલને વધારવાનો પ્રયત્ન કરે છે. ભારતના G૨૦ પ્રેસિડન્સી હેઠળ, અમદાવાદ, યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ શહેર, U૨૦ ચક્રનું આયોજન કરશે. C૪૦ (ક્લાઈમેટ ૪૦) અને યુનાઈટેડ સિટીઝ એન્ડ લોકલ ગવર્મેન્ટ્સ (UCLG), શહેરી મુદ્દાઓ પરના બે આંતરરાષ્ટ્રીય બિન-સરકારી હિમાયત જૂથો સાથે, અમદાવાદ ૯-૧૦ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ સિટી શેરપાની શરૂઆતની મીટિંગ, વિષયોની ચર્ચાઓ અને બાજુઓ સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરશે.

ગુજરાત આરોગ્ય નું અદભુત ડિઝાસ્ટર મિશન નો લાભ કચ્છ નાં ગામડા સુધી

કચ્છ -ભુજ ખાનગી હોસ્પિટલ માંથી વૃદ્ધાને ગુજરાત સરકારની 108 એર એમ્બ્યુલન્સ મારફત અમદાવાદ હોસ્પિટલમાં એરલિફ્ટ કરાયા.

કચ્છ જિલ્લાના વૃદ્ધાને હાયપર વોલમીક શોક થતા (હૃદયની શરીર મા પૂરતું લોહી પંપ કરવામાં અશમર્થ) ભુજની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. જયાંથી વધુ સારવાર માટે અમદાવાદ હોસ્પિટલમાં લઇ જવાની જરૂરિયાત ઉભી થઇ હતી.

રાજ્ય સરકાર ના સહયોગ થી 08 મહિના પહેલા શરૂ થયેલી એર એમ્બ્યુલન્સની સર્વિસમાં એરલિફ્ટ કરાયા.

ગુજરાત રાજ્ય ના છેવાડાની કચ્છ -ભુજ ખાનગી હોસ્પિટલ સાથે ગ્રામ્ય વિસ્તાર મા ગંભીર દર્દી ને વધુ સારવાર માટે શહેરો ની મોટી હોસ્પિટલલો મા ઝડપ થી ખસેડી સકાય અને તેમને સારા મા સારી સારવાર મળી રહે તે માટે રાજ્ય સરકાર ના સહયોગ થી 08 મહિના પહેલા એર એમ્બ્યુલન્સ ની સર્વિસ શરૂ કરવામાં આવી છે, ત્યારે કચ્છ -ભુજના એક વૃદ્ધા ને હાયપર વોલમીક શોક (હૃદય ને શરીર મા પૂરતું લોહી પંપ કરવામાં અશમર્થ) અને તેની સારવાર કચ્છ -ભુજ મા પડકાર જનક હતી. એવા સમયે 108 ની એર એમ્બ્યુલન્સ મારફતે તેમને અમદાવાદ એરલિફ્ટ કરવામાં આવ્યા હતા. નોંધનીય છે કે ગુજરાત નો કચ્છ જિલ્લા નો આ પેહલો કેસ છે.

આ અંગે 108 ના પોગ્રામ મેનેજર મનવીર ડાંગર સાહેબ અને જીલ્લા અધિકારી વિશ્રુત જોષી સાહેબ વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે શહેર ની ખાનગી હોસ્પિટલ મા 85 વર્ષનાં શાંતિલાલ ગાલા સારવાર હેઠળ હતા, દર્દી ને હૃદય ને શરીર મા પૂરતું લોહી પંપ કરવામાં અસમર્થ ના કારણે ભાન ભૂલી ગયા હતા, જેના લીધે દર્દી બેભાન હાલત મા હતા, અને બ્લડ પ્રેસર વધારે -ઓક્સિજન લેવલ ઓછું હોવાથી તેમને વધુ સારવાર અર્થે 108 મા વેન્ટિલેટર, મોનીટરીંગ અને ઓક્સિજન સાથે તત્કાલ અમદાવાદ ની ખાનગી હોસ્પિટલ મા ખસેડવાની જરૂરિયાત ઉભી થઇ હતી. દર્દી નો જીવ બચાવવા એર એમ્બ્યુલન્સ મારફતે અમદાવાદ ખસેડવાનુ નક્કી થયું હતું.

108 ને આ અંગે માહિતી મળતા, એર એમ્બ્યુલન્સ માટેની બધી જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી, ભુજ 108 ને જાણ કરવામાં આવી હતી. આજે સવારે દર્દી ને લેવા માટે અમદાવાદ થી એર એમ્બ્યુલન્સ ભુજ એરપોર્ટ ખાતે આવી પહોંચી હતી. આ કેસ માં હોસ્પિટલ થી એરપોર્ટ સુધી 108 એમ્બ્યુલન્સ માં દર્દી ને પહોંચાડવામાં આવે છે. પાયલોટ રાહુલ ચૌહાણ અને ઇમર્જન્સી મેડિકલ ટેક્નિશ્યન શ્યામભાઇ પરમારે 108 મારફતે ખાનગી હોસ્પિટલ થી સલામત રીતે દર્દી ને કચ્છ -ભુજ એરપોર્ટ ખાતે એર એમ્બ્યુલન્સ મા સીફ્ટ કરેલ હતા. એર એમ્બ્યુલન્સ અમદાવાદ થી આવે છે જયારે ખાનગી એમ્બ્યુલન્સ મુંબઈ, દિલ્હી કે ચેન્નાઇ થી આવે તો તેમનું એર ફેર વધી જાય તેમજ સમય વધુ લાગે જયારે અમદાવાદ થી આવતી એર એમ્બ્યુલન્સ ખુબ ઝડપથી ગુજરાત મા કોઈ પણ સ્થળે પોહચી શકે છે. વળી રાજ્ય સરકાર દ્વારા આ સેવા કાર્યરત હોઈ એરપોર્ટ પર કાર્યવાહી ખૂબ જ ઝડપથી થાય છે. દર્દી ને એર ફેર અને એરપોર્ટ ના નિયમ પ્રમાણે ના ચાર્જ જ ભરવા પડે છે. દર્દી ને હોસ્પિટલ થી એરપોર્ટ અને એરપોર્ટ થી હોસ્પિટલમાં લઈ જવા માટે 108 એમ્બ્યુલન્સની નિશુલ્ક સેવા આપવામાં આવે છે..

અવસાન નોધ

સ્વ. દક્ષાબેન નવીનભાઈ પોકાર
ઉમર : 43 વર્ષ | તા. 18 - 12 - 2022
કચ્છ માં : દયાપર (LK)
હાલે : વડગામ (ધનસુરા)

સ્વ. અમૃતાબેન નારણ વેલાણી
ઉમર : 70 વર્ષ | તા. 18 - 12 - 2022
કચ્છ માં : ભુજ
(સ્થાનિક)

સ્વ. ગંગાબેન કરમશી છાભૈયા
ઉમર : 76 વર્ષ | તા. 18 - 12 - 2022
ગુજરાતમાં : અમલાઈ કંપા
હાલે : રાયપુર (છતીશગઢ)

સ્વ: વાલજીભાઈ રામજીભાઈ ભીમાણી
ઉમર : 67 વર્ષ | તા. 19 - 12 - 2022
કચ્છ માં ગામ દેવપર (યક્ષ)
હાલે બેંગ્લોર (કર્ણાટક)

સનાતન પરમો ધર્મ
SHREE AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR
YUVASANGH
NARMADA COUNCIL
SARDAR PATEL REGION
VADODARA DIVISION
તારીખ 18/12/2022 નાં દિવસે જીતેન્દ્ર ભાઈ સાંખલા દ્વારા "143" મી વાર રક્તદાન કરવામાં આવેલ.

અ.ભ.ક.ક.પા. સનાતન સમાજ નું ગૌરવ વિશીષ્ટ પ્રતીભા એવા સરદાર પટેલ રીજીયન ના પુર્વ ખજાનચી... જીતેન્દ્રભાઈ સાંખલા(છાણી), વડોદરા.....

143 મી વખત બ્લડ ડોનેટ કરી માનવતા નાં આ કાર્ય ને સહુ કોઈ માટે તેમજ સમાજને માટે પ્રેરણા રૂપ બન્યા છે.

અવિરત ૧૪૩ મી વખત રકતદાન કરનાર ને આપણે સહુ બિરદાવી અભિનદન પાઠવીએ છે.

આ લોકસેવા ના કાર્ય માટે સરદાર પટેલ રીજીયન અને વડોદરા વિભાગ ગર્વ ની લાગણી અનુભવી રહ્યું છે. આ કાર્ય થકી સમાજજનો ને ખુબ પ્રેરણા મળી રહેશે. હેલ્થ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ યુવાસંઘ અનોખા અને વિશેષ કાર્ય ની સરાહના કરે છે અને માનવતા ગૌરવ એવોર્ડ થી સન્માનિત પણ કરે છે..
પ્રવકતા,
સરદાર પટેલ રીજીયન -
બીજોય ભાવાણી, પેટલાદ

Change your Water Change your Life
Enagic INDEPENDENT DISTRIBUTOR
Kangen Water
વિશ્વનું બેસ્ટ હેલ્ધી
વોટર
શું તમે પીવો છો?
કેંગન લાઇવ વોટર
ચમત્કારી પાણી
શું તમે તમારા પરિવારને નીચેની બીમારીઓથી દૂર રાખવા માગો છો
ગેસ · એસીડીટી · કબજીયાત · બી.પી. · ડાયાબીટીસ · માઈગ્રેન · કેન્સર · હાડકા ની નબળાઈ · મોતીયો · થાક લાગવો · દાદર · ખરજવુ · ગેંગરીન · સોયાસીસ · સાંધાનો દુખાવો · કીડની · પથરી · હાઈ કોલેસ્ટ્રોલ · થાયરોઇડ · લીવર · એલર્જી · વાળ ખરવા · ખીલ · વજન ઘટાડવામાં · B 12 ની ઉણપ
તમારા ઘરના પાણીને ચેક કરાવવા તથા લાઇવ ડેમો જોવા માટે સંપર્ક કરો.
ડિસ્ટ્રીબ્યુટરશીપ માટે સંપર્ક કરો
Advance Japanese Technology
Pareshbhai L Bhavani
M. : +919427549437

H.K. DOORS
HK DOORS
First IMPRESSION of your HOUSE
BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME
TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE
HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva
Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883
BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705
KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.
PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26,
Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham
Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884
H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur,
Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205